

(46) એક સિક્કાને ત્રણ વખત ઉછાળતાં તેના પર...

(i) ઓછામાં ઓછી 2 વખત છાપ આવે.

(ii) વધુમાં વધુ 1 વખત કાંટો આવે.

(iii) માત્ર 3 વખત છાપ આવે તેની સંભાવના મેળવો.

(47) જો સમાંતરશ્રેણીના પ્રથમ 7 પદોનો સરવાળો 49 હોય તથા પ્રથમ 17 પદોનો સરવાળો 289 હોય તો પ્રથમ n પદોનો સરવાળો શોધો.

(48) નીચે આપેલ વિતરણ એક-દિવસીય ક્રિકેટ મેચોમાં બોલરો દ્વારા લેવાયેલી વિકેટોની સંખ્યા બતાવે છે. યોગ્ય રીત પસંદ કરીને વિકેટોની સંખ્યાનો મધ્યક શોધો. મધ્યક શું સૂચવે છે ?

| વિકેટોની સંખ્યા | 20-60 | 60-100 | 100-150 | 150-250 | 250-350 | 350-450 |
|---|---|---|---|---|---|---|
| બોલરોની સંખ્યા | 7 | 5 | 16 | 12 | 2 | 3 |

(49) એક છોડના 40 પાંદડાઓની લંબાઈ ખૂબ જ નજીકના મિલીમીટર સુધી માપવામાં આવી અને મેળવેલ માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવી છે :

| લંબાઈ (મિમીમાં) | પાંદડાઓની સંખ્યા |
|---|---|
| 118 - 126 | 3 |
| 127 - 135 | 5 |
| 136 - 144 | 9 |
| 145 - 153 | 12 |
| 154 - 162 | 5 |
| 163 - 171 | 4 |
| 172 - 180 | 2 |

પાંદડાઓની મધ્યસ્થ લંબાઈ શોધો.

(50) એક ખોખામાં 1 થી 90 સુધીના અંક લખેલી 90 ગોળ તકતીઓ છે. જો ખોખામાંથી એક ગોળ તકતી યાદચ્છિક રીતે કાઢવામાં આવે, તો તેના પર..........

(1) બે અંકની સંખ્યા હોય.

(2) પૂર્ણ વર્ગ સંખ્યા હોય.

(3) 5 વડે વિભાજ્ય સંખ્યા હોય તેની સંભાવના શોધો.

## SECTION - D

■ **નીચે આપેલ પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (પ્રત્યેકના 4 ગુણ)** (12)

(51) સાબિત કરો કે, કાટકોણ ત્રિકોણમાં, કર્ણનો વર્ગ બાકીની બે બાજુઓના વર્ગોના સરવાળા જેટલો હોય છે.

(52) 7.6 સેમી લંબાઈનો રેખાખંડ દોરી તેનું 5 : 8 ગુણોત્તરમાં વિભાજન કરો. બંને ભાગ માપો.

(53) 3 સેમી ત્રિજ્યાવાળું વર્તુળ દોરો. તેના કેન્દ્રથી લંબાવેલ વ્યાસ પર દરેકનું અંતર 7 સેમી થાય તે રીતે બિંદુઓ P અને Q લો. બિંદુઓ P અને Q માંથી વર્તુળને સ્પર્શકો દોરો.

(54) નીચે આપેલ માહિતીનો મધ્યસ્થ 525 છે. જો કુલ આવૃત્તિ 100 હોય તો x અને y નાં મૂલ્યો શોધો.

| વર્ગ - અંતરાલ | આવૃત્તિ ($f_i$) |
|---|---|
| 0 - 100 | 2 |
| 100 - 200 | 5 |
| 200 - 300 | x |
| 300 - 400 | 12 |
| 400 - 500 | 17 |
| 500 - 600 | 20 |
| 600 - 700 | y |
| 700 - 800 | 9 |
| 800 - 900 | 7 |
| 900 - 1000 | 4 |

(55) $\Delta ABC$ અને $\Delta XYZ$ માં $ABC \leftrightarrow XYZ$ સમરૂપતા છે.

જો $\frac{AB}{4} = \frac{BC}{6} = \frac{AC}{3}$ હોય અને AC= 3 અને XY= 5 હોય તો YZ અને XZ મેળવો.

# PAPER-4

## SECTION - A

■ **સૂચના પ્રમાણે જવાબ આપો. (પ્રશ્નક્રમાંક 1 થી 24) (પ્રત્યેકનો 1 ગુણ)** (24)

● **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(1) 23, 35, 46 નો લ.સા.અ. 1 થાય છે.

(2) $p(x) = 6x - 2x^2 + 7$ નો આલેખ સુરેખ મળે છે.

(3) સમાંતર શ્રેણી 5, 7, 9, 11, 13,..........માં છઠ્ઠી અવિભાજ્ય સંખ્યા 19 છે.

(4) જો $A + B = 90^0$ હોય, તથા $\sec A = \frac{3}{2}$ હોય તો $\operatorname{cosec} B = \frac{3}{2}$ મળે છે.

(5) જે સમાંતર શ્રેણીનો સામાન્ય તફાવત 8 હોય, તો શ્રેણી માટે $a_{30} - a_{25} = -40$ મળે છે.

(6) જો $Z + \overline{x} = 98$ અને $Z - \overline{x} = 12$ હોય, તો મધ્યસ્થ = 47 છે.

● **વિધાન સાચું બને તે રીતે યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

(7) નીચેના પૈકી.............નું દશાંશ નિરૂપણ અનંત અને આવૃત છે.

(A) $\frac{17}{32}$ (B) $\frac{17}{248}$

(C) $\frac{17}{160}$ (D) $\frac{17}{64}$

(8) જો $\alpha$ અને $\beta$ એ બહુપદી $p(x) = 6x^2 - 7x - 3$ ના શૂન્યો હોય તો $\frac{1}{\alpha} + \frac{1}{\beta}$ =.......... છે.

(A) $-\frac{7}{3}$ (B) $\frac{7}{3}$ (C) $\frac{7}{6}$ (D) $\frac{-7}{6}$

(9) જો $y = mx + 3$ ની રેખા બિંદુ (2, 11) માંથી પસાર થતી હોય, તો m= ............... છે.

(A) 4 (B) -4 (C) $\frac{1}{4}$ (D) $-\frac{1}{4}$

(10) જો દ્વિઘાત સમીકરણ $2x^2 - kx + k = 0$ ને સમાન બીજ હોય, તો k ની કિંમત............છે.

(A) 0 (B) 4

(C) 8 (D) 0 અથવા 8

Ashadeep Group of Schools

(11) જો કોઈ સમાંતર શ્રેણી માટે $a_n = 40$, $a = -10$, $n = 20$ હોય તો તે શ્રેણીના 20 પદોનો સરવાળો..............મળે છે.

(A) -300 (B) 600
(C) 300 (D) 400

(12) ΔABC નાં શિરોબિંદુઓ A (1, 3), B (-1,2), C(6, -8) હોય તો તેના મધ્યકેન્દ્રના યામ............છે.

(A) (3,-2) (B) (-3,2)
(C) (0,2) (D) (2,-1)

- **વિધાન સાચું બને તે મુજબ ખાલી જગ્યા પૂરો.**

(13) જો અવલોકનો 64, 40, 48, x, 43, 48, 43 અને 34 નો બહુલક 43 હોય તો x + 3 = ................

(14) લાલનાં તેર પત્તામાંથી પસંદ કરેલ પત્તું કાળીનો એક્કો નીકળે તેની સંભાવના ............છે.

(15) એક પેટીમાં 5 લીલા, 4 સફેદ અને 15 ભૂરા રંગના દડા છે. પેટીમાંથી એક દડો યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે તો તે દડો ભૂરા રંગનો ન હોય તેની સંભાવના................છે.

(16) કોઈ વર્ષમાં 15 મી ઓગષ્ટે રવિવાર આવે તેની સંભાવના...........છે.

(17) જો α, β અને r એ બહુપદી $x^3 + x - \frac{1}{2}$ ના શૂન્યો હોય તો $\frac{1}{\alpha} + \frac{1}{\beta} + \frac{1}{r} =$..............થાય.

(18) સમાંતર શ્રેણી 2,7,12,....નું 10 મું પદ..........છે.

- **નીચેના પ્રશ્નોના એક શબ્દ /વાક્ય /આંકડામાં જવાબ આપો.**

(19) ΔABC માં ∠B કાટખૂણો છે. AB=7 સેમી, BC=24 સેમી તો ΔABC ની ત્રણેય બાજુઓને સ્પર્શતા વર્તુળની ત્રિજ્યા શોધો.




(20) એક શંકુનું ઘનફળ 660 ઘન સેમી છે. જો તેનાં પાયાની ત્રિજ્યા 6 સેમી હોય તો તેની તિર્યક ઊંચાઈ શોધો.

(21) બે વર્તુળોના પરિઘનો ગુણોત્તર 3 : 4 છે. તો તેમનાં ક્ષેત્રફળનો ગુણોત્તર કેટલો થાય ?

(22) 1 સેમી ત્રિજ્યા અને 1 સેમી ઊંચાઈનો નળાકાર પિગાળીને 0.1 સેમી ત્રિજ્યાનો તાર બનાવતા તારની લંબાઈ શોધો.

(23) n ઘાતવાળી બહુપદીને મહત્તમ કેટલાં શૂન્યો હોય છે ?

(24) 21 સેમી ત્રિજ્યાવાળા વર્તુળના કેન્દ્ર આગળ એક વૃતાંશ $120^0$ નો ખૂણો બનાવે છે. આ વૃતાંશનું ક્ષેત્રફળ શોધો.

## SECTION - B

■ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (કોઈપણ દસ) (પ્રત્યેકના 2 ગુણ)** (20)

(25) બે અંકની કેટલી સંખ્યા 3 વડે વિભાજ્ય હશે ?

(26) a = 25, d = -4, $a_n$ = 5 તો n શોધો.

(27) 15 cm ત્રિજ્યા અને 55 cm કુલ ઊંચાઈ અને અર્ધગોલક પાયો ધરાવતા શંકુનું ઘનફળ શોધો.

(28) 12 cm વ્યાસના ગોલકને ઓગાળીને 0.3 cm ત્રિજ્યાની કેટલી ગોળીઓ બનાવી શકાય ?

(29) એક બાળક પાસે એક એવો પાસો છે, જેની 6 સપાટીઓ નીચે આપેલા અક્ષરો બતાવે છે.

| M | A | T | H | A | S |
|---|---|---|---|---|---|

આ પાસાને એક વાર ઉછાળવામાં આવે છે.

પાસા પર (i) A મળે (ii) T મળે તેની સંભાવના શોધો.

(30) (i) વર્ષમાં 53 રવિવાર આવવાની સંભાવના શોધો.

(ii) લીપ વર્ષમાં ફેબ્રુઆરી માસમાં 5 શુક્રવાર હોય તેની સંભાવના શોધો.

(31) દ્વિઘાત બહુપદી $x^2$-x-6 ના શૂન્યો શોધો તથા શૂન્યો અને સહગુણકો વચ્ચેનો સંબંધ ચકાસો.

(32) નીચે આપેલ બહુપદી p (x) ને બહુપદી g (x) વડે ભાગો અને ભાગફળ તથા શેષ શોધો.

$p(x) = 40x^2 + 11x - 63,\ g(x) = 8x - 9$

(33) કિંમત શોધો.

$\sin^2 30 + \sin^2 45 + \sin^2 60 + \sin^2 90$

(34) કિંમત શોધો : $\frac{\sin 70^0}{\cos 20^0} + \frac{\text{cosec } 20^0}{\sec 70^0} - 2 \cos 70^0 \text{ cosec } 20^0$

(35) બિંદુ A માંથી દોરેલા વર્તુળના સ્પર્શકની લંબાઈ 12 cm અને વર્તુળના કેન્દ્રથી તેનું અંતર 13 cm સેમી હોય તો વર્તુળનો વ્યાસ કેટલો થાય ?

(36) 150 મી ઊંચી ઈમારતની ટોચ પરથી એક ટાવરની ટોચ અને તળિયાના અવસેધકોણના માપ $30^0$ અને $60^0$ છે, તો ટાવરની ઊંચાઈ શોધો.

(37) બિંદુ (1,1), (4,4), (6,2) થી બનતા ત્રિકોણનો પ્રકાર જણાવો.

(38) ગણિતની પરીક્ષામાં 30 વિદ્યાર્થીઓના ગુણનું વિતરણ આપેલ છે.

| વર્ગ અંતરાલ | 10-25 | 25-40 | 40-55 | 55-70 | 70-85 | 85-100 |
|---|---|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓની સંખ્યા | 2 | 3 | 7 | 6 | 6 | 6 |

આ માહિતીનો બહુલક શોધો.

## SECTION - C

■ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (કોઈપણ આઠ) (પ્રત્યેકના 3 ગુણ)** (24)

(39) ધોરણ 10 ના વિદ્યાર્થીઓએ ગણિતમાં 80 ગુણમાંથી મેળવેલ ગુણ નીચેના આવૃત્તિ વિતરણમાં છે. મધ્યસ્થ શોધો.

| વર્ગ | 0-10 | 10-20 | 20-30 | 30-40 | 40-50 | 50-60 | 60-70 | 70-80 |
|---|---|---|---|---|---|---|---|---|
| આવૃત્તિ | 2 | 5 | 8 | 16 | 9 | 5 | 3 | 2 |

(40) નીચેની માહિતી 225 વીજ ઉપકરણોના આયુષ્યની (કલાકમાં) પ્રાપ્ત માહિતી દર્શાવે છે. માહિતીનો મધ્યક શોધો.

| આયુષ્ય (કલાકમાં) | આવૃત્તિ |
|---|---|
| 0 - 200 | 9 |
| 200 - 400 | 35 |
| 400 - 600 | 50 |
| 600 - 800 | 61 |
| 800 - 1000 | 38 |
| 1000 - 1200 | 32 |

(41) બે અંકની એક સંખ્યાના અંકોનો તફાવત 2 છે. તે સંખ્યા તથા તેના અંકો અદલબદલ કરવાથી મળતી સંખ્યાનો સરવાળો 132 થાય છે. તો તે સંખ્યાઓ શોધો.

(42) નીચેના સુરેખ સમીકરણયુગ્મનો ઉકેલ ચોકડી ગુણાકારની રીતે મેળવો.
$2x + 5y = -25$
$3x - 8y = 9$

(43) સચીનની 8 વર્ષ પહેલાની ઉંમર અને 2 વર્ષ પછીની ઉંમરનો ગુણાકાર 1200 છે. સચીનની હાલની ઉંમર મેળવો.

(44) એક સમાંતર શ્રેણી માટે $a = 5, l = 95, d = 5$ તો n તથા $S_n$ શોધો.

(45) જે ચતુષ્કોણના શિરોબિંદુ A (1, 0), B (7, 0), C (6, 3), અને D (2, 3) હોય તો તેનું ક્ષેત્રફળ શોધો.

(46) (-1, 3), (1, -1) અને (5, 1) શિરોબિંદુવાળા ત્રિકોણના શિરોબિંદુ (-1, 3) માંથી દોરેલી મધ્યગાની લંબાઈ કેટલી છે ?

(47) એક આઈસક્રીમનો કોન સમાન પાયો ધરાવતા શંકુ અને અર્ધગોલક દ્વારા બને છે. જો શંકુની ઊંચાઈ 9 cm તથા તેની ત્રિજ્યા 2.5 cm હોય તો, કોનનું ઘનફળ શોધો.

(48) 100 ગુણમાંથી વિદ્યાર્થીઓએ મેળવેલા ગુણ નીચે મુજબ છે.

| મેળવેલ ગુણ | 0-34 | 35-50 | 51-70 | 71-90 | 91-100 |
|---|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓની સંખ્યા | 12 | 25 | 30 | 23 | 10 |

તો વિદ્યાર્થીઓએ -
(1) 34 કે તેથી ઓછા
(2) 71 થી 90 સુધીના
(3) 90 થી વધુ ગુણ મેળવ્યા હોય તેની સંભાવના શોધો.

(49) 52 પત્તાના ઢગમાંથી બધા મુખમુદ્રાવાળા પત્તા દુર કરવામાં આવે છે, બાકી પત્તાને સરખી રીતે ચીપવામાં આવે છે. બાકીના પત્તામાંથી એક પત્તું પસંદ કરવામાં આવે છે.
(1) પત્તું 7 નું હોય
(2) પત્તું ગુલામ હોય
(3) પત્તું 7 કરતાં ઓછુ હોય તેની સંભાવના શોધો.

(50) સુબ્બારાવે ઈ.સ. 1995 માં ₹ 5000 નાં વાર્ષિક વેતનથી કામ શરૂ કર્યુ. તેમને દર વર્ષે માસિક ₹ 200 ની વેતન વૃધ્ધી મળે છે તો કયાં વર્ષે તેમનું વેતન ₹ 7000 થશે ?

## SECTION - D

■ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)**
**(પ્રત્યેકના 4 ગુણ)** (12)

(51) પાયથાગોરસનાં પ્રતીય પ્રમેયનું વિધાન લખીને તેને સાબિત કરો.

(52) 3 સેમી, 4 સેમી અને 5 સેમી બાજુવાળો ત્રિકોણ રચો. આ ત્રિકોણને સમરૂપ હોય તેવો ત્રિકોણ રચો કે જેથી તેની બાજુઓ પહેલા ત્રિકોણની બાજુઓ કરતા $\frac{3}{5}$ ગણી હોય.

(53) 5 સેમી અને 3 સેમી ત્રિજ્યાવાળા બે સમકેન્દ્રીય વર્તુળો રચો. બહારના વર્તુળ પર કોઈ બિંદુ લો. તે બિંદુમાંથી પસાર થતા નાના વર્તુળને સ્પર્શકો રચો.

(54) નીચે આપેલ માહિતીનો મધ્યસ્થ 38 છે. જો કુલ આવૃત્તિ 400 હોય તો x અને y ના મૂલ્યો શોધો.

| વર્ગ | આવૃત્તિ |
|---|---|
| 10 - 20 | 42 |
| 20 - 30 | 38 |
| 30 - 40 | x |
| 40 - 50 | 54 |
| 50 - 60 | y |
| 60 - 70 | 36 |
| 70 - 80 | 32 |

(55) એક વિમાન એક વિમાનમથકની ઉત્તર દિશામાં 1000 Km/h ની ઝડપથી ઊડે છે. એજ સમયે બીજું એક વિમાન એજ વિમાનમથકની પશ્ચિમ દિશામાં 1200 Km/h ની ઝડપે ઊડે છે. $1\frac{1}{2}$ કલાક પછી આ વિમાનો એકબીજાથી કેટલા દૂર હશે ?

# ANSWER

## PAPER - 1

### (Section-A)

(1) ✗
(2) ✓
(3) ✗
(4) ✗
(5) ✗
(6) ✗
(7) (B) 1
(8) (D) $x^2-4x+4$
(9) (A) $2x+3y-42=0$
(10) (A) 69
(11) (C) 163
(12) (C) (-1, 4)
(13) $n+1$
(14) $P(A)=\frac{1}{5}$
(15) $\frac{1}{101}$
(16) 1
(17) રેખા
(18) 12
(19) 10
(20) $\frac{308}{8}$ સેમી$^3$
(21) 51
(22) 27 : 125
(23) 4
(24) $\frac{44}{3}$

### (Section-B)

(25) 16
(26) 4920
(27) 572 સેમી$^2$
(28) 2.5 સેમી
(29) $\frac{1}{2}, \frac{1}{2}$
(30) 0.48
(31) $\frac{4}{3}, -1$
(32) $x^2+\sqrt{5}$
(33) $\frac{\sqrt{7}}{4}, \frac{3}{\sqrt{7}}$
(34) $\frac{67}{12}$
(35) 3 સેમી
(36) $10\sqrt{3}$ મીટર
(38) 65.625 કલાક

### (Section-C)

(39) 20
(40) 56.67 કિ.ગ્રા.
(41) $s=9, t=6$
(42) $x=-2, y=5$
(43) 7 વર્ષ
(44) 178
(45) 12
(46) $\left(2, \frac{-5}{3}\right)$ $\left(0, \frac{-7}{3}\right)$
(47) $\left(\frac{-3}{2}, 0\right)$
(48) 66 સેમી$^3$
(49) (i) $\frac{2}{9}$ (ii) $\frac{1}{3}$ (iii) $\frac{4}{9}$
(50) (i) $\frac{1}{2}$ (ii) $\frac{1}{2}$ (iii) $\frac{1}{2}$

### (Section-D)

(54) 35.76 વર્ષ
(55) 1.6 મીટર

## PAPER - 2

### (Section-A)

(1) ✗
(2) ✓
(3) ✓
(4) ✗
(5) ✗
(6) ✓
(7) (B) 45
(8) (B) X-અક્ષને છેદે નહી
(9) (D) અનંત
(10) (B) 8
(11) (A) 7
(12) (B) 2
(13) 137
(14) $\frac{3}{7}$
(15) $\frac{9}{20}$
(16) 0
(17) 0
(18) 53
(19) 2 સેમી
(20) 250 સેમી$^2$
(21) 96 %
(22) 4 સેમી
(23) 3
(24) 28 મીટર

### (Section-B)

(25) $x^2+3x+2$
(26) ભાગફળ : $x^2+x-3$, શેષ : 8
(27) $d=\sqrt{2}$, $3+4\sqrt{2}$, $3+5\sqrt{2}$, $3+6\sqrt{2}$
(28) 60
(29) 32 ચો. એકમ
(30) $40\sqrt{3}$ મીટર
(31) 8 સેમી
(32) 48 સેમી$^2$
(33) 12 સેમી
(34) 4608.7 રન
(37) (i) $\frac{1}{3}$ (ii) $\frac{2}{3}$
(38) (i) $\frac{1}{3}$ (ii) $\frac{1}{6}$

### (Section-C)

(39) $x=\frac{9}{13}$, $y=\frac{-5}{13}$
(40) બેટ = 500 ₹, દડા = 50 ₹
(41) $\sqrt{\frac{33-1}{4}}$ અને $-\sqrt{\frac{33-1}{4}}$
(42) 5610
(43) 128
(44) 3 અથવા -9
(45) $(0, 5), \left(-1, \frac{7}{2}\right), \left(1, \frac{13}{2}\right)$
(46) 220 સેમી$^2$
(47) 75.9 ધબકારા
(48) 3406.98 કલાક



Ashadeep Group of Schools

# ANSWER

(49) (i) $\frac{5}{36}$ (ii) 0 (iii) $\frac{1}{2}$ (iv) 1

(50) $\frac{\pi}{24}$

## (Section-D)

(52) (i) 11.2 સેમી (ii) 42 મીટર

(55) $x=8, y=7$

## PAPER - 3

## (Section-A)

(1) ✗
(2) ✓
(3) ✗
(4) ✓
(5) ✗
(6) ✓
(7) (B) 2
(8) (C) 4
(9) (D) 40
(10) (A) D=0
(11) (B) 4
(12) (C) 12
(13) મધ્યસ્થ વર્ગની આગળના વર્ગની સંચયી આવૃત્તિ
(14) $\frac{1}{10}$
(15) 480
(16) $\frac{4}{9}$
(17) 20
(18) 13 - 5n
(19) $120^0$
(20) $2\pi r(h+r)$
(21) $\pi : 4$
(22) 8
(23) $\frac{1}{2}$
(24) $\frac{\pi r^2\theta}{360^0}$

## (Section-B)

(25) x = -2, -5 અથવા
(26) ભાગફળ : 3x - 5, શેષ : 9x + 10
(27) -32
(28) 28, 34
(29) (0, 9)
(30) $5\sqrt{3}$ સેમી, 10 સેમી
(31) 29
(32) $15\sqrt{3}$ મીટર
(33) $100^0$
(34) 163.86 સેમી$^2$
(35) 6 સેમી
(36) 3.286
(37) (i) $\frac{13}{49}$ (ii) $\frac{3}{49}$
(38) (i) $\frac{364}{365}$ (ii) $\frac{1}{365}$

## (Section-C)

(39) 42 વર્ષ, 12 વર્ષ
(40) ઉકેલ ન મળે
(41) $\frac{2}{3}$, 1
(42) 4 અથવા 13
(43) 5 : 1, (0, $\frac{-13}{3}$)
(44) K = O
(45) 523.53 સેમી$^3$
(46) (i) $\frac{1}{2}$ (ii) $\frac{1}{2}$ (iii) $\frac{1}{8}$
(47) $n^2$
(48) 152.89
(49) 146.75
(50) (i) $\frac{9}{10}$ (ii) $\frac{1}{10}$ (iii) $\frac{1}{5}$

## (Section-D)

(52) 2.92 સેમી, 4.68 સેમી
(54) $x=9, y=15$
(55) 7.5, 3.75

## PAPER - 4

## (Section-A)

(1) ✗
(2) ✗
(3) ✓
(4) ✓
(5) ✗
(6) ✓
(7) (B) $\frac{17}{248}$
(8) (A) $\frac{-7}{3}$
(9) (A) 4
(10) (D) 0 અથવા 8
(11) (C) 300
(12) (D) (2, -1)
(13) 46
(14) 0
(15) $\frac{9}{24}$
(16) $\frac{1}{7}$
(17) 2
(18) 47
(19) 3 સેમી
(20) 18.5 સેમી
(21) 9 : 16
(22) 100 સેમી
(23) n
(24) 462 સેમી$^2$

## (Section-B)

(25) 30
(26) 6
(27) 16500 સેમી$^3$
(28) 8000
(29) (i) $\frac{1}{3}$ (ii) $\frac{1}{6}$
(30) (i) $\frac{1}{7}$ (ii) $\frac{1}{7}$
(31) 3, -2
(32) ભાગફળ : 5x + 7, શેષ : 0
(33) $\frac{5}{2}$
(34) 0
(35) 10 સેમી
(36) 100 મીટર
(37) કાટકોણ ત્રિકોણ
(38) 52

## (Section-C)

(39) 36.25
(40) 660
(41) 57 અને 75
(42) x = -5, y = -3
(43) 38 વર્ષ
(44) $n=19, S_n=950$
(45) 15 ચો. એકમ
(46) 5 એકમ
(47) $91\frac{2}{3}$ સેમી$^3$
(48) (i) 0.12 (ii) 0.23 (iii) 0.1
(49) (i) $\frac{1}{40}$ (ii) 0 (iii) $\frac{3}{5}$
(50) 11 માં વર્ષે (ઈ.સ. 2005)

## (Section-D)

(54) $x=150, y=48$
(55) 300 61 કિમી



Ashadeep Group of Schools